# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૫ • તા.૩ ફેબ્રુઆરી થી ૯ ફેબ્રુઆરી ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# પરિસ્થિતિની પરખ કરવી જરૂરી છે

ઊંચે ચડવું અઘરૂં છે તેથી અઘરૂં ઊંચે ચડીને ઊંચાઈ જાળવી રાખવું છે. માનવી સતત પોતાની પ્રગતિ જાળવી શકતો નથી. તે ઊંચાઈ પર ચડીને પોતાની મનોસ્થિતિ ડામાડોળ રાખે છે, અન્ય બાબતોમાં પોતાની વિચાર શક્તિ રાખી એકાગ્રતા ખોઈ દે છે. જેને લીધે તે જલદી પોતાનું પતન કરે છે. લક્ષથી નીચે આવી જાય છે. ઘણું જલદી આ પરિસ્થિતિ માનવી પોતે લઈ લે છે. આ પડતી ક્ષુલ્લક કારણોસર હોય છે. જે ચિંતા કરાવે એવી હોય છે. કારણ કે આ એક ધ્યાન, એક લક્ષ્યથી જલદી તેનું ધ્યાન હટી જાય છે અને તેનું પરિણામ સફળતાથી નિષ્ફળતામાં પહોંચી જાય છે. ઊંચે ચડનાર વિપરીત વિચારોમાં, સામાન્ય સંજોગોને અસામાન્ય બનાવી પોતાનું ધૈર્ય, મનસ્થિતિ ડગમગાવી પોતાની સફળતા, શિખર આરોહણને ટકાવી રાખવા ને બદલ પતન ભણી લઈ જાય છે.

સફળતાને, સિદ્ધિને જાળવી રાખવી એક પરીક્ષા છે. સારા સંજોગોને જાળવી રખાય એ ચેલેન્જ બની જાય છે. પરિસ્થિતિ જ્યારે સ્વના કાબુમાં નથી રહેતી ત્યારે મંઝિલ તરફ જતાં પગ પણ ડગમગી જાય છે. અસામાન્ય સંજોગોમાં સારી બાબતો ઝટ ઓગળી જાય છે. માનવીની સારપ, સદ્‌વર્તન, સંસ્કાર અને સદ્‌વર્તાવની કસોટી વિપરીત પરિસ્થિતિમાં ધોવાઈ જાય છે. મનની એકાગ્રતા તૂટી જાય છે અને લક્ષ્ય ધ્યાન હટી જાય છે. અસામાન્ય સંજોગોમાં પોતાની સ્થિરતા જાળવી રાખે એ વિરલ વ્યક્તિ છે. ગમે તે સ્થિતિમાં સ્થિર અને સામાન્ય સ્થિતિમાં અસ્થિર વ્યક્તિમાં ફરક છે. મામુલી જેવી સ્થિતિમાં સ્થિર ન રહી શકનાર સતત ડામાડોળ અવસ્થામાં રહે છે અને સંપૂર્ણ રીતે પોતાના આસપાસના વાતાવરણને હાલકડોલક રાખે છે. હકીકતમાં પડકારો અને જોખમો સતત આવતાં રહે છે. હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ નગણ્ય બાબતોથી પણ હચમચી જાય છે. ક્ષુલ્લક બાબતોથી વિક્ષિપ્ત થઈ જાય છે, બેબાકળા બની જાય છે અને નાની બાબતોને મહતમ આફત તરીકે જૂએ છે અને હિંમત કરી ઝઝૂમવાનું માંડી વાળે છે.

મજબૂત મનોબળના વ્યક્તિઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાની ધીરજ, હામ અને સમતોલપણું ગુમાવતા નથી. તેઓ પોતાની આજુબાજુ સશક્ત સુરક્ષિત દીવાલ ચણી રાખે છે અને સુરક્ષિત કિલ્લાના કાંગરા ન ખરે એની કાળજી પહેલાથી કરી રાખે છે. સંજોગો કોઈ પણ આવે તેઓ તેનો સામનો કરવા સતત સજ્જ રહે છે. જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે નાના, નબળા પક્ષીઓ હાંફળા ફાંફળા થઈ ઊઠે છે પણ ગરૂડ જરાય ચિંતિત થતું નથી. તે હવાથી પણ ઊંચે ચડી ઝંઝાવાતને વળોટી તેની ઉપરનો સ્તર શાંત હોય ત્યાં પહોંચી પોતાની પાંખો ફેલાવતું ઊડે છે, ઝંઝાવાત જ્યારે પશુ-પક્ષીઓ, માનવજીવો, માલમતાની ખાના ખરાબી કરી શાંતને સ્થિર થાય ત્યારે ગરૂડ નીચે ઉતરી આવે છે અને પોતાની સપાટી પર સ્થિર શાંત ઉડયન કરી ઊંચાઈ જાળવી રાખે છે. આ બાબત સ્થિર સ્થિતિ અને અસ્થિર સ્થિતિમાં પોતાનો વર્તાવ બદલનાર પોતાનો નિયંત્રણ જાળવી ન રાખનાર એ ધ્યાનમાં લેવી જોઈએ અને એમાં બદલાવ કરવો જોઈએ.

*- જય જ્ઞાતિમૈયા*

# સજ્જનના ગુણો જાણીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જે માણસ જીવનની કોઈપણ પરિસ્થિતિમાં સમાન ભાવ સાથે રહી વતી શકે તે સ્થિત પ્રજ્ઞ છે. જે માણસ સુખ કે દુ:ખની સ્થિતિમાં બહુ વધારે વિચલિત ન થાય તે સજ્જન કહેવાય છે. સજ્જનની વ્યાખ્યા શું હોવી જોઈએ. આજના સમયમાં સજ્જન વ્યક્તિને શોધવા દીવો લઈને નીકળવું પડે એવા સંજોગો છે. હવે તો આસપાસમાં પણ હવે આવા સજ્જન મનુષ્યો આગિયાની માફક ઝળહળતા માંડ દેખાય છે. જો પૂર્વ ગ્રહયુક્ત ચશ્મા ઉતારીને જોઈએ તો અજવાળું અજવાળું દેખાય છે.

જીવન વ્યવહારના ખતા ખાધેલ વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ થઈ જાય છે. કોઈને ભાગીદારીમાં નુકસાની વેઠવી પડે છે. તો કોઈને પ્રેમમાં દગો મળ્યો છે. તો કોઈને મિત્રનો દ્રોહ થયો છે. કહેવત છે કે વિશ્વાસે વહાણ ચાલે છે. પણ આપણો અનુભવ એ કહે છે કે કોઈની પર આંધળો વિશ્વાસ કરવો નહીં. કોઈ સગાં-સંબંધીઓથી છેતરાયેલો છે. આજના હળાહળ કળજુગમાં સાચા અને સજ્જન માણસની પરખ કરવી મુશ્કેલ છે. હકીકત એ છે કે સો ટકા સજ્જન શોધવા અતિ મુશ્કેલ છે.

અત્યારની સામાજિક પરિસ્થિતિના અનુસંધાને જોતાં જે માણસ પોતાના વચન-વાણી વિચાર પર ૫૦ ટકા પણ અડગ રહી શકતો હોય તે સંપૂર્ણ સાચો તો નહીં પણ ખોટો પણ ન જાણવો. બીજું એક પોતાનું એક આગવું લક્ષ્ય હોય અને આમતેમ ભટક્યા વિના તેના જીવનમાં હેતુને વફાદાર રહી શકતા હોય તે પણ સાચો અને સજ્જન વ્યક્તિ કહી શકાય અન્ય મહત્વનું લક્ષણ એ છે કે માણસ ઓછામાં ઓછો પોતાના પરિવારને વફાદાર હોવો જોઈએ. અંગ્રેજી ભાષાની ઉક્તિ છે ચેરિટી બિગિન્સ એટ હોમ. કોઈપણ સારા કામનો પ્રારંભ પોતાના ઘરથી થવો જોઈએ. કોઈપણ વસ્તુનો અખતરો આપણી પર જ થઈ જોઈએ. આમ પરિવારના એક એક નાના મોટા સભ્ય સાથે સાચી લાગણી અને અનહદ વિશ્વાસથી જોડાયેલો સંકળાયેલા માણસનો ધ્યેય વસુધૈવ કુટુંબકમ હોય છે. આવા ધ્યેયશીલ વ્યક્તિ વિશ્વનો વિશ્વાસ પામી શકે છે.

આ ઉપરાંત માણસ પોતાના વિચારોમાં સ્પષ્ટ હોય તેમ જ તેનો આગવો દૃષ્ટિકોણ હોય, પૂર્વ ગ્રહ યુક્ત અને રાગ દ્વેષ ભાવ ધરાવતો હોય તો તે પોતે વિકાસ કરી શકતો નથી અને બીજાના વિકાસ માર્ગમાં અવરોધ સર્જે છે. સજ્જન વ્યક્તિનો મહત્વનો ગુણ તેનામાં જતું કરવાની ભાવના હોવી જોઈએ. દયા, લાગણી અને પ્રેમ ભાવ હોવા જરૂરી છે. શાસ્ત્રમાં બત્રીસ લક્ષણ સજ્જનના વર્ણવ્યા છે. જેમાં માનવીય પાંચ લક્ષણો સ્વમાન, ધીરજ, વાકપટુતા, ક્ષમા, સત્યશીલ, કાગડાના પાંચ લક્ષણો લાજ, ચંચળતા, સમય પરીક્ષા, અવિશ્વાસ અને નાત સાથે રહેવું, કૂતરાના છ લક્ષણો અલ્પ નિંદ્રા, તરત ચેતી જવું, સંતોષ, સ્વામિ ભક્તિ, સાહસ અને કૃતજ્ઞતા, મોરના સાત લક્ષણો શત્રુને મારવો, દેખાવમાં સુંદર રહેવું, ઉચ્ચ સ્થાને બેસવું, સુઘડતા રાખવી, યુક્તિ પ્રયુક્તિ જાણવી, શીળા રહેવું, મધૂર સંભાષણ કરવું, કૂકડાના ચાર લક્ષણો વહેલા ઉઠી જવું, પરિવારનું પોષણ કરવું, સ્ત્રી ઉપર પ્રેમ રાખવો, યુધ્ધમાં અજીત રહેવું. ગધેડાના ત્રણ લક્ષણો અથાક મહેનત કરવી, દુ:ખનું રોદણું ન રડવું અને સંતોષી રહેવું. તે પછી બગલાનું એક લક્ષણ, એક ધ્યાન રહેવું અને છેલ્લે સિંહનું એક લક્ષણ, પરાક્રમી થવું. આમ આ બત્રીસ લક્ષણ ગુણોમાંથી આપણે કયાં કયાં ગુણોથી યુક્ત છીએ એ બાબતનો અંતરમાં નિરીક્ષણ કરીએ અને જે જે ખૂટતા હોય તેનાથી સભર થઈએ.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

*7.49% (p.a.)

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજિત શિખરજી યાત્રા ટ્રેનનું ૩૦૦ યાત્રિકો સાથે પ્રસ્થાન







તા.૩૦ જાન્યુઆરી મંગળવાર રોજે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસના પ્લેટફોર્મ નં.૧૮ પરથી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા ૩૦૦ યાત્રિકો સાથે શિખરજી યાત્રા માટેની સ્પેશિયલ ટ્રેનને મહાજન પ્રમુખ નયનભાઈ અશોક ભેદાએ લીલી ઝંડી બતાવી શુભ પ્રસ્થાન કરાવી મુંબઈ મહાજનની ધાર્મિક સમિતિના કન્વીનર મનોજ દામજી લોડાયાએ રિબન કાપી અને શ્રી ફળ વધેરીને બેન્ડ વાજાના વાગતા સૂરો વચ્ચે યાત્રિકોનું સ્વાગત કર્યું અને ટ્રેન એન્જિન ડ્રાઈવર, કો-પાયલોટ અને ટિકીટ કલેક્ટર સ્ટાફનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું હતું.

# અમદાવાદમાં વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ)ની વ્યવસ્થા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનમાં નિર્માણાધિન સંપૂર્ણ વિદ્યાર્થીગૃહના લાભાર્થી, શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સુરિશ્વરજી શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ), ધુલીયા આજ્ઞાદાતા : પ.પુ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. શ્રી ક્ષમાનંદજી શ્રીજી મ.સા. પ્રેરણાદાતા : ખાનદેશરત્ના, પ.પુ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રી મ.સા. લાભાર્થી પરિવારના ઉદાર દિલ વિદ્યાર્થીઓને મોટી આશા અને સપનાઓ આપવાનો અનેક સુંદર પથ છે. આપશ્રીનું વિદ્યાર્થીગૃહ માટેનું દાન સમાજને પ્રેરણાસ્પદ બનાવી રહ્યો છે અને એક શાશ્વત પોષણ પ્રદાન કરી રહ્યો છે. અમો આભાર માનીએ છીએ કે તમે સમાજને સૌજન્ય અને સંવૃદ્ધિનાં માર્ગ દેવામાં પ્રવૃત્ત છો તેમજ તમારી ઉદારતા અને સહાનુભૂતિ સાથે તમે વિદ્યાર્થીઓની ઉન્નતિપૂર્ણ ભવિષ્ય માટે પાથર બનાવવામાં યોગ્ય છે જે સમાજને ઉચ્ચ માર્ગે લઇ જવાનું એક ઉદાહરણ છે. તમારા કાર્ય માટે અમો હર્ષિત અને આભારી છીએ. આપશ્રીનાં કૃતજ્ઞ છીએ અને આશા રાખીએ છીએ કે તમારો પ્રેરણાસ્પદ પ્રયાસ સમાજના સ્તરે વધારે સાર્થક બનશે.''



શ્રી અનંતનાથાય નમઃ
અવસર છે રૂડો આજ મહાજન આંગણે,
ને હૈયે હરખ ઘણોયે વરતાય છે !
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન,
અમદાવાદ સંચાલિત
"શેઠ રાયચંદ ધરમશી ભવન"
વિદ્યાર્થી ગૃહ ના લાભાર્થી પરિવાર
શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સુરિશ્વરજી
શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ), ધુલીયા
આજ્ઞાદાતા: પ.પુ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. - શ્રી ક્ષમાનંદજી શ્રીજી મ.સા.
પ્રેરણાદાતા : ખાનદેશરત્ના, પ.પુ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રી મ.સા.
અનુમોદના અનુમોદના અનુમોદના
શ્રી કચ્છી દશા ઓસવાલ
જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ.

અચલગચ્છ (વિધિપક્ષ) શણગાર શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નીતિ - દાન - નેમ
ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવી - વીર - મહોદાય સૂરિશ્વરેભ્યો નમઃ

# સસ્નેહ આમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ સંચાલિત
નિર્માણાધિન **શેઠ રાયચંદ ધરમશી ભવન** ના
**ભૂમિપૂજન** ના સુવર્ણ અવસરે સર્વે જ્ઞાતિજનો ને પધારવા

# હાર્દિક આમંત્રણ




**02 માર્ચ 2024**

**નિમંત્રક:**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**


અચલ (વિધિપક્ષ) ગચ્છ શણગાર શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નીતિ - દાન - નેમ
ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવી - વીર - મહોદાય સૂરિશ્વરેભ્યો નમઃ

**દિવ્ય આશીર્વાદ દાતા**
પ્રાત: સ્મરણીય પરમ ગુરુદેવ પૂ. અચલગચ્છાધિપતિ આ.ભ.
**શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**દીક્ષા દાતા**
ગુરુ ગુણોદય કૃપાપાત્ર પ.પૂ.ગણિવર્ય
**શ્રી રાજરત્નસાગરજી મ.સા.**

**મુહૂર્ત આજ્ઞા આશિષ પ્રદાતા**
સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**










# શ્રી અમદાવાદ મહાનગરે
# દિક્ષોત્સવ

**કચ્છ જખૌ તીર્થ - જલગાંવ (મહારાષ્ટ્ર) નિવાસી**
**મુમુક્ષુ શ્રી રાજેશ ગુલાબચંદ મોમાયા**

**વિ.સં.૨૦૮૦ મહા વદ ૯, રવિવાર**

# 03 માર્ચ

**અનુમોદક: શ્રી અચલગચ્છ જૈન સંઘ, અમદાવાદ**

**નિમંત્રક: શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન પ્રજાસત્તાક દિનની ઉજવણી





શુક્રવાર, તા.૨૬-૧-૨૦૨૪ પ્રજાસત્તાક (ગણતંત્ર) દિવસના પ્રસંગે શ્રી કુંથુનાથ જિનાલય પરિસરમાં ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન સવારે ૮.૩૦ વાગે કરવામાં આવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાજીના હસ્તે તિરંગા ઝંડા ફહરાવામાં આવેલ અને પોતાના પ્રેરણાદાયક ઉદ્‌બોધનમાં સર્વે જ્ઞાતિજનોને ૭૫મુ ગણતંત્ર દિવસની શુભકામના આવેલ ત્યારબાદ અલ્પાહાર રાખવામાં આવેલ.








## શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ, વરંડી મોટી

સૌ ભાવિકોને, નિયાણીઓ પ્રણામ,

વરંડી મોટી સ્થાનિકે બિરાજમાન સચ્ચાઈ માતાજી
તથા શ્રી ભલારા દાદાની ૧૪ મી સમૂહ પહેડી તથા વાર્ષિક સભાનું આયોજન

રવિવાર, તા.૧૧/૦૨/૨૦૨૪
સમય : સવારે ૯.૦૦ થી ૧.૦૦ સુધી

દાતા પરિવાર :
માતુશ્રી નેણબાઈ હીરજી ખીંયશી લોડાયા પરિવાર મંજલ હાલે સુથરી

સ્થળ :
કુકરેજા મીની હોલ, અનંત સિદ્ધિ સામે, ભાંડુપ(વેસ્ટ).

ભાવના - રમઝટ શ્રીઅનંત મિત્ર મંડળ,ભાંડુપ ના સથવારે ....
આપ સૌ ભાવિકો, નિયાણી બહેનોને સહ પરિવાર સમયસર પધારવા આમંત્રણ....

વિશેષ માહિતી માટે

સંપર્ક : હરિન શાહ (9821183911)
અનીશ શાહ (9833511685)
ધૈર્ય લોડાયા (9820176421)
ખંતીલ લોડાયા (9029549841)

લિ. ભલારા દાદા ભાવિક ગ્રુપ સમિતી

# રાપર (ગઢવારી)માં નુતન જૈન મંદિરનું નિર્માણ પૂર્ણ મુળનાયક શ્રી ગોડીયા પાર્શ્વનાથજી સહિત પ્રતિમાઓની...





અબડાસા તાલુકાના રાપર ગઢવારી ગામમાં પૌરાણિક વર્ષો જૂનું ગોડિયા પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય છે તેનાથી થોડે દુર રાપર ગામના વતની મા. તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરીવાર દ્વારા નુતન જિનાલય નું નિર્માણ કરાતાં મુળનાયકજી સહિત સર્વે જિન તથા દેવ દેવીઓની પ્રતિમાઓનું પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ધામધૂમથી ઉજવાશે.

મંદિર પુનઃપ્રાણ પ્રતિષ્ઠામાં જૈનાચાર્ય યોગતિલકસૂરિશ્વરજી ૨૦ સાધુ ભગવંત અને ૨૦ સાધ્વીજી સાથે ૬૦ વર્ષની ઉંમરે ૫૦૦ કિ.મી. પગપાળા ચાલી અહીં પધારવાના હોવાથી ભાવિકોમાં આનંદની લાગણી ફેલાઈ છે. જૈનાચાર્ય કચ્છમાં પ્રથમવાર આવી રહ્યા છે અને ૪૦૦ જેટલા સાધુનું સફળ અનુશાસન, અમદાવાદ, સુરત, મુંબઈ જેવા શહેરોમાં સામૂહિક દીક્ષાઓ અપાવી છે.

મંદિરનો જીર્ણોદ્ધાર થયા પછી મંદિરને 'પાર્શ્વ શાંતિ પ્રાસાદ' નૂતન નામ અપાયું છે. મંદિરમાં ગોડિયા પાર્શ્વનાથ આદિ જૈન પ્રતિમાઓની પુનઃ પ્રતિષ્ઠા અર્થે વિવિધ આયોજન અંગે તૈયારીઓ ચાલી રહી છે.

આરાધના માટે ભાવોમાં અભિવૃદ્ધિ થાય અને સોનામાં સુગંધ ભળે એવી રાપરગઢવાળી જિનાલયની પુનઃપ્રતિષ્ઠા કરવા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મહારાજા એમના ૫૦થી વધુ શિષ્ય-પ્રશિષ્ય સાથે પુનઃપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારી રહ્યા છે.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા કે જેમનું ૫૦-૫૦ વર્ષોનું વૈરાગી જીવન પૂરું થયેલ છે, જેમના નામે ૧૫૦થી વધુ પુસ્તકોનું લેખન, જે પોતે સાહિત્યસમ્રાટ તરીકે વિખ્યાત છે. જેમનું ધાર્મિક ઉત્થાન માટેનું રાજસ્થાન તથા દક્ષિણનાં રાજ્યોમાં આદરથી નામ લેવાય છે. એવા લોક-લાડીલા સંત આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠા માટે નિશ્રા આપવાના છે. આ સમાચારથી સંપૂર્ણ પ્રદેશમાં આનંદની લહેર પ્રસરી છે. અચલગચ્છના તથા સંપૂર્ણ જૈન ફિરકાના ભાવિકો આ સુંદરમજાના આયોજનમાં રમમાણ થવા, પ્રભુભક્તિમાં લિન થવા આતુર થઈ ગયા છે. અચલગચ્છાધિપતિની નિશ્રામાં થયેલ પ્રમુખ ખાતમુહૂર્ત - શિલારોપણ - અંજન - પ્રતિષ્ઠા, છરીપાલિત સંઘ આદિ પ્રસંગો જેમાં ૨૫થી વધુ દીક્ષાદાતા, ૩૦થી વધુ છરીપાલિત યાત્રાઓ, ૩૦થી વધુ આરાધના ભવન, ૧૦થી વધુ શ્રી અખિલ ભારતીય અહિંસા પ્રાણી રક્ષા સંમેલનો, ૧૫ ગુરુમંદિર આદિ સૂત્યો પૂજ્યશ્રી દ્વારા થર્યા છે.

મહોત્સવ નિમિત્તે લાભાર્થી પરિવાર દ્વારા વિવિધ અદ્વિતીય આયોજનો થઈ રહ્યાં છે. શ્રી રાપરગઢવાળી જૈન સંઘને આંગણે ફેબ્રુઆરી મહિનામાં યોજનારી પુનઃપ્રતિષ્ઠા માટે પધારનાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાના સ્વાગત માટે બધાય ઉત્સુક છે, હર્ષોલ્લાસમાં છે.

# રૂા.૨.૮૬ લાખ જમા કરવાનો પડકાર આપતા સંજીવની કેસ નં.૧૨૯ ની મદદ અરજી પૂર્ણ થઈ




જખૌ-ડોબિંવલીના ૭૨ વર્ષીય રમેશ કે.મુનવર જીવાણી ઘરમાં પડી જવાથી થાપામાં ફ્રેક્ચર થયું ઓર્થોપેડિક સર્જનએ તેમને તાત્કાલિક સર્જરી કરવાની સલાહ આપેલ. પરિવારમાં પતિ અને પત્ની માત્ર છે. તેમને કોઈ સંતાન નથી ઉતરાવસ્થા વયના દંપતિને કોઈ વીમાનો કવચ નથી કે નથી કોઈ મોટી બચત તેઓની પડકારજનક પરિસ્થિતિનો સામનો કરતા રમેશભાઈની ઉપર સર્જરીની તથા સારવારના અંદાજિત ખર્ચ રૂા.૨.૮૬ લાખ જમા કરવા એ તેમની સમક્ષ મોટો પડકાર હતો તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની આધારભૂત અને અકલ્પનીય આધાર આપતી સંજીવની યોજનામાં અરજી કરી. સદર કેસની જરૂરિયાત માટેની રકમ રૂા.૨.૬ લાખ જમા કરવા કાઉડ ફંડિગ માટે કેસ જાહેર કરાયો. જણાવતાં ખુશી છે કે આ અગાઉના ૧૨૮ જેટલા કેસ અરજીની જેમ સદર કેસ નં.૧૨૯ માટેની જરૂરી રકમ ટૂંક માત્ર સમયમાં જમા થઈ જતાં સદર કેસ કાઉડ ફંડિગમાંથી પાછો ખેંચી લેવાયો છે.

નાના, નબળા અને જરૂરતમંદ જ્ઞાતિજનોની સમક્ષ આકસ્મિક સ્વાસ્થ્યને લગતો પડકાર આવે છે. ત્યારે મેડિકલ સમિતિની સંજીવની યોજના અરજી કર્તાઓને જીવનની જડીબૂટી આપે છે. જેનો શ્રેય ઉદાર દિલ દાતાઓ, સંજીવની યોજનાના પેટ્રન સભ્યો, મહાજન સંસ્થાઓ એકમોને છે. જેઓ મેડિકલ સમિતિના કાર્યની કદર કરી તેને ભરપૂર પીઠબળ પૂરું પાડે છે. આવા સૌ ગુણીજન જ્ઞાતિજનોની મેડિકલ સમિતિ અનુમોદના કરી વંદના કરે છે.

# પ.પૂ.સાધ્વીશ્રી યશપ્રભાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૫૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૨૩ પોષ વદ ૫ તિથિ દિને કોઠારાના માવિત્ર ચંદનબેન દામજીભાઈ ધરમશીના ગુણ સંસ્કારી અને ધર્મભાવમાં મગ્ન રહેતા પુત્રી સંયમ જીવનના કોડ અંતરમાં ધરાવી આત્મકલ્યાણ ભાવ સાથે નલિયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ. સાધ્વીશ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.આ.શ્રી.યશપ્રભાશ્રીજી મ.સા.નામ સ્વીકારી સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ અને આરાધના કરતા દિવસો મહિના વરસોને દાયકાઓ વીત્યા અને આજે વિક્રમ સંવત ૨૦૮૦ના પોષ વદી ૫ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના પથ વિચરણના ૫૭ વર્ષ પૂર્ણ કરી અદ્‌ભૂત ૫૮મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સૌના અંતરની ભાવના છે કે સાહેબજી આગળ હીરક, અમૃતને વળોટી શતક વર્ષના શિખરે બિરાજમાન થાય એ મંગલ દિને કામના સાથે શત શત વંદના.

# મોતીચંદ કરમશી શિયાલ ઉ.વ.૯૦નો સંથારો સીઝયો





મોતીચંદ કરમશી શાહ શિયાલ જખૌ, રાયપુર ઉ.વ.૯૦ વયે પરિવારજનોને કહી જાગૃતવસ્થામાં અનવ્રત લીધેલ. તેમનો સંથારો માત્ર ૧૪ કલાકમાં સીઝ્યો અને પુનિત આત્મા ધર્મ સ્મરણ કરતાં શાતાપૂર્વક વિદાય લીધી. તેઓની પાલખી યાત્રામાં બહુસંખ્ય લોકો જોડાઈ નત મસ્તકે અંતિમ વિદાય આપી હતી.

# ભુજ નલિયા બ્રોડગેજ રેલવે લાઈનનું કામ હવે અંતિમ તબક્કામાં





અગાઉ ભુજથી નલિયા સુધી રેલવે લાઈન મીટર ગેજના પાટા સાથે ચાલુ હતી. પણ મુંબઈની ટ્રેન ગાંધીધામ ભુજ થઈ નલિયા સુધી દોડાવવા માટે મીટરગેજ પાટા બદલવા પડે એ જોતાં એ લાઈન લાંબો સમયથી બંધ હતી. ભૂકંપ બાદ મોટા મોટા ઉદ્યોગોના પ્લાન્ટ સ્થપાયા. માલ સામાન પરિવહન સાથોસાથ પ્રવાસીઓની અવરજવરમાં વધારો થતાં ગેજ કન્વર્ઝન કરવું જરૂરી થઈ ગયું. આ સ્થિતિ જોતા ભુજ નલિયા રેલવે લાઈનનું કામ દેશલપર સુધી થયું હતું જે હવે આગળ વધી અબડાસા તાલુકાના પાદરે પહોંચ્યું છે. હાલમાં ભુજ દેશલપર પછી સણોસરા સુધી બ્રોડગેજ રેલવે લાઈનનું ટ્રાયલ રન એન્જિન ચલાવીને કરાયું. નલિયા સુધી પાટા બિછાવવાનું કામ પૂરજોશમાં ચાલુ છે. ત્યાર પછી નલિયા સુધી ટ્રાયલ રન કરી સેફ્ટી પરીક્ષણ કરાશે. એ બાદ પેસેન્જર સર્વીસ ચાલુ થઈ શકશે.

# શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, નલિયા

## માદરે વતન કચ્છની મુલાકાતે વ્યક્તિગત કે સમૂહમાં પધારતા યાત્રાળુઓ માટે ખાસ સૂચના





**અબડાસાની મોટી પંચતીર્થીના એક તીર્થ નલિયા તીર્થ મધ્યે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનમાં રોકાણ કરી. પંચતીર્થીઓના અન્ય તીર્થ, માતાના મઢ, નારાયણ સરોવર કોટેશ્વર તથા પોતાના ગામની મુલાકાતે જવા આવવા સરળતા સાથે સુવિધાજનક ઉતારા માટે એક માત્ર સંકુલ જેની વિશિષ્ટતામાં**

- કોઈપણ પ્રસંગના સામૂહિક આયોજન માટે સુવિધાજનક વિશાળ હોલ
- પ્રાકૃતિક શાંત વાતાવરણ, સ્વચ્છ સુઘડ એરકન્ડિશન સાથેના રૂમ
- ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ વ્યવસ્થા
- બાથરૂમમાં નાહવા માટે ચોવીસ કલાક ગરમ પાણીની વ્યવસ્થા
- સેવા કાજે ચોવીસ કલાક સ્ટાફની ઉપસ્થિતિ
- અતિથિ ભવનના આતિથ્ય ઉપહારગૃહમાં સવારના ગરમાગરમ ચા નાસ્તો, બપોર-સાંજે શુધ્ધ સાત્વિક ભોજનની વ્યવસ્થા
- વિશાળ આંગણમાં ગાડી પાર્કિંગની વ્યવસ્થા. એક વારની મુલાકાત આપશે કાયમનું સંભારણું.

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ - kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા-૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા-૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ-૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# કચ્છના ત્રણ લાખ ગ્રામ્ય મિલકત ધારકોને મળશે પ્રોપર્ટી કાર્ડ

રાજાશાહી વખતની કચ્છની ગ્રામ્ય મિલકતો આઝાદી પછી પણ માત્ર ગ્રામ પંચાયતના આકારણી રજિસ્ટર પર જ આધાર રાખે છે ત્યારે ભવિષ્યમાં નાનકડાં ગામમાં રહેલા ઘરમાલિકના ઘરના વિસ્તારની ચોક્કસ માપણી કરી કાયમી ધોરણે પ્રોપર્ટી કાર્ડ આપવાની મહત્ત્વકાંક્ષી સ્વામીત્વ યોજના સર્વે ઓફ ઇન્ડિયાના માર્ગદર્શનથી કચ્છમાં ચાલી રહી છે અને આગામી માર્ચ પછી ૭૯૦ ગામના ત્રણ લાખ મિલકતધારકોને ઓનલાઇન આધારરૂપી પ્રોપર્ટી કાર્ડ મળતાં થઇ જવાના છે. વડીલોપાર્જિત પોતાના ઘરમાં રહેતા પરિવારજનો પાસે ઘરના ઘરનો આધાર એકમાત્ર ગ્રામ પંચાયતમાં આકરણી રજિસ્ટર હોવાથી ગામડાંઓમાં ગ્રામ પંચાયત સ્તરે આ રજિસ્ટરોના અનેક રીતે ગોટાળા થતા હોવાથી ગ્રામ્ય મિલકતોમાં મોટા વિવાદ સામે આવે છે અને મિલકતના પ્રકારથી માંડી તેના આકાર વગેરે પણ જાણવા મળતા નથી. આવા સંજોગોમાં સ્વામીત્વ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષથી પણ વધુના સમયથી ગામેગામ સર્વે થઇ રહ્યા છે અને ડ્રોનની મદદથી મિલકતના આકાર પણ જોવા મળે છે. કચ્છના ૭૯૦ ગામની ત્રણ લાખ મિલકતને હવે કાયદેસરનું સ્વરૂપ મળવા જઇ રહ્યું છે ત્યારે આ બાબતે ડી.આઇ.એલ.આર.ના અધિકારી એચ. એસ. રબારીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, એક વખત પ્રોપર્ટી કાર્ડ મળ્યા પછી મિલકતો સરકારી ચોપડે ચડી ગયેલી હશે અને જે કોઇ મિલકતધારકના આકરણી રજિ. નંબર છે તે મુજબ ડ્રોન વડે ગામતળમાં નકશો તપાસી માપણી કરી નકશા સાથે તેની નોંધ પાડવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, ૭૯૦ ગામમાંથી અત્યાર સુધી ૫૩૩ ગામમાં ડ્રોન ઉડાન થઇ ચૂકી છે, ૨૨ ગામના તો નકશા પણ બની ગયા છે. ગામતળના નકશા વગેરે સર્વે ઓફ?ઇન્ડિયા દ્વારા બની રહ્યા છે. ૨૨ ગામની ૧૪ હજાર મિલકતના પ્રોપર્ટી કાર્ડ પણ બની ગયા અને માર્ચથી જે જે ગામના પ્રોપર્ટી કાર્ડ તૈયાર થતા જશે ત્યાં પ્રમોલગેશન કર્યા બાદ ગ્રામ પંચાયત મારફતે મફતમાં વિતરિત કરવામાં આવશે. એક વખત અદ્યતન આધાર બની ગયા પછી તેમાં વારસાઇ વગેરેની કામગીરી ઓનલાઇન કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. સર્વે માટે કેટલી ટીમો કામે લાગી હતી એ સવાલ સામે શ્રી રબારીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ માટે જિલ્લાના વડા તરીકે કલેક્ટર અમિત અરોરા છે અને ૧૦૦ સર્વેયર કામે લાગ્યા છે. કચ્છમાં ભુજ તાલુકાના હાજાપર ગામેથી યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને અત્યારે કામ ચાલે છે. અંદાજે ત્રણ લાખ મિલકતની માપણી કરવામાં આવી છે. ચાલુ વર્ષના અંત સુધીમાં કચ્છના તમામ ગ્રામ્ય મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ મળી જશે તેવી ખાતરી આપી હતી. જમીન દફ્તર ખાતા દ્વારા પસંદ કરેલાં ગામોમાં આબાદી વિસ્તારના સર્વે માટેનો ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૨૬ અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોવાથી આબાદી વિસ્તારના સર્વે પૂર્વેની તૈયારીના ભાગરૂપે સ્વામીત્વ યોજનાની ગાઇડલાઇન અનુસાર રાજ્ય દ્વારા દેખરેખ માટે રાજ્યકક્ષાએ તથા જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. પ્રાથમિક તબક્કામાં ગ્રામસભાનું આયોજન કરવું, ગ્રામ પંચાયત દ્વારા નક્કી કરેલી તારીખ મુજબ વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. આ ગ્રામસભામાં ડ્રોન સર્વેનું મહત્ત્વ, લાભ તથા સર્વેની પદ્ધતિની જાણકારી નાગરિકોને આપવાની રહેશે. યોજનાથી મિલકતધારકોને થતા લાભ વિશે માહિતગાર કરાશે. માપણીની પૂર્વ તૈયારીરૂપે તમામ મિલકતોને જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા મિલકતધારકના કબજામાં આવેલી મિલકતોને લાગુ મિલકતદાર સાથે રાખીને ચૂના માર્કિંગની કાર્યવાહી કરવા વિશે સમજૂતી આપવાની હોય છે. જે મિલકતદારોની મિલકતો ગામમાં આવેલી હોય પરંતુ ગામમાં વસવાટ કરતા ન હોય-મકાન બંધ હોય તેવા કિસ્સામાં મિલકતધારકોનો સંપર્ક કરી ચૂના માર્કિંગની કામગીરી બાબતે જાણ કરવી તેમજ મિલકતધારક હાજર ન રહી શકે તેવા કિસ્સામાં તેની મિલકતની હદની માહિતી સરપંચ / ગ્રામજનો દ્વારા આપવામાં આવે તે ઇચ્છનીય રહેશે. ગ્રામસભા યોજવી, બેનર્સ લગાવી પ્રચાર-પ્રસાર કરવો, ભીંતચિત્રો તથા ચોપાનિયા દ્વારા ગામલોકોમાં જાગૃતતા ફેલાવવી વિગેરે કામગીરી કરવાની રહેશે. ચૂના માર્કિંગ સમયે ટેકનિકલ માર્ગદર્શન મળી રહે તે હેતુસર જમીન દફ્તર ખાતાના અધિકારી અથવા તેમના પ્રતિનિધિ હાજર રહેશે. ડ્રોન દ્વારા આબાદી વિસ્તારના સર્વે કરવા માટેની નક્કી કરેલી તારીખના ત્રણ દિવસ પૂર્વે ડ્રોન દ્વારા સર્વેના કામની જાણકારી ગ્રામજનોને આપવાની રહેશે તેવું તેમણે જણાવ્યું હતું. અંતિમ તબક્કામાં હક્ક ચોક્સી અધિકારીએ જમીન મહેસૂલ કાયદાની કલમ અન્વયે કામગીરી કરવાની રહેશે. હક્ક ચોક્સી અધિકારીએ ગામમાં સૌપ્રથમ સરકારી જમીન અંગે સ્થાનિક તંત્ર પાસેથી પુરાવા મેળવવા બાબતે ખાતરી કરવાની રહેશે. ગામઠાણ વિસ્તારની હક્ક ચોક્સી માટે તૈયાર કરવામાં આવેલા સોફ્ટવેરમાં મિલકતદાર અને મિલકતની માહિતી (આકારણી રજિસ્ટર મુજબના)થી જે ડેટા એન્ટ્રી થઇ છે તેના આધારે હક્ક ચોક્સી અધિકારી દ્વારા પુરાવા મેળવવા બાબતે નોટિસ મૂકવામાં આવી છે. હક્ક ચોક્સી અધિકારીએ પુરાવાના આધારે ઠરાવ કરવો અને જે મિલકતમાં આકારણી રજિસ્ટર સિવાય કોઇ વધારાના પુરાવા રજૂ થયા નથી તેવા કિસ્સામાં પુરાવા તરીકે આકારણી રજિસ્ટરના આધારે ઠરાવ કરવાનો રહેશે એમ તેમણે અંતમાં જણાવ્યું હતું.

# સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના શતાબ્દી મહોત્સવ નિમિત્તે સોનગઢ રત્નાશ્રમની ગૌરવગાથા નાટકનું મંચન થયું









વર્ષ ૧૯૨૩મા સ્થપાયેલ શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સોનગઢની ચાલુ વર્ષે શતાબ્દી મહોત્સવ નિમિત્તે આખા વરસમાં સોનગઢમાં વિવિધ કાર્યક્રમો થયાં કરે છે. તે ઉપરાંત દેશના વિવિધ શહેરોમાં સોનગઢ રત્નાશ્રમની ગૌરવ ગાથા નાટકની ભજવણી થઈ રહી છે. આ પ્રકારે તા.૨૯ જાન્યુઆરી સોમવારે મુંલુડના મહાકવિ કાલિદાસ ઓડિટોરિયમમાં તા.૧ ફેબ્રુઆરી ગુરૂવારે થાણામાં તથા તા.૪ ફેબ્રુઆરી રવિવારે નાલાસોપારામાં નાટકનું ભવ્ય રીતે મંચન કરાયું.

સોનગઢ રત્નાશ્રમમાં કોઈપણ જૈન વિદ્યાર્થીને ધો.૬ થી ૧૨ ગુજરાતી માધ્યમ તથા ધોરણ ૬ થી ધોરણ ૧૨ અંગ્રેજી માધ્યમનો અભ્યાસ નિઃશુલ્ક અપાય છે તથા અભ્યાસ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

હાલે સંસ્થાના પ્રમુખ સીએ કમલેશ શીવજી વિકમશી રાણપર છે. ઉપરાંત કારોબારી સમિતિમાં શુકન સાડીવાલા હિતેશ હિરાચંદ દંડ સાંધવ છે. શિવજી કુંવરજી વિકમશી તથા એમના વડીલ બંધુ કરમશી કુંવરજી વિકમશી આ સંસ્થાના આદ્ય વિદ્યાર્થીઓ છે તથા સંસ્થાના વહીવટ સંચાલનમાં પણ તન, મન અને ધનથી સાથ સહકાર આપેલ છે.

અત્યારે સંસ્થામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ છે. જેમાંથી ૬૦ જેટલા કેડીઓ જ્ઞાતિ સમાજમાંથી છે. શતકની મંઝિલ સર કરનારી શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સોનગઢના ઈતિહાસને રંગમંચ પર લાવી ૨૨ જેટલા નાના મોટા નિઃસ્વાર્થ કલાકારોએ અભિનય કરી દિગ્દર્શક વસંત મારૂ દ્વારા દિગ્દર્શિત સોનગઢ રત્નાશ્રમની ગૌરવ ગાથા નાટિકાને રજૂ કરી સાથે LED દ્વારા ગ્રાફિક્સની ઈફેક્ટસ દ્વારા ૧૦૦ વર્ષ જૂના દ્રષ્યો હુબરૂ રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમમાં જયેશ ભાગચંદ જૈન, નયન ભેદા, શામજી નરશી દંડ અતિથિ વિશેષ તરીકે અન્ય મહાનુભાવો સંગે ઉપસ્થિત રહ્યાં હતા. તેમનું સંસ્થા તરફથી સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન મુલુંડમાં રહેતા રત્નાશ્રમ સોનગઢના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હિતેશભાઈ દંડ, ભરતભાઈ દેઢિયા, જયસુખભાઈ ગંગર અને દીપકભાઈ પાસડ દ્વારા થયેલ.



# શ્રી ગોવર્ધન નગર સંઘમાં પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની સંયમ જીવનની ૬૫મી દીક્ષા તિથિ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ યોજાયો













શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘ મુલુંડમાં પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. (સંસારપક્ષે કચ્છ તેરાના માવિત્ર માતુશ્રી મોંઘીબેન ડુંગરશી દંડ-આણંદ પરિવાર)ની વિક્રમ સંવત ૨૦૮૦ પોષ સુદ ૧૩ તિથિ દિને તા.૨૩ જાન્યુઆરીના મંગળવાર રોજે સંયમ જીવનની ૬૫મી દીક્ષા તિથિ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬ની પાવનકારી નિશ્રામાં રૂડી રીતે સંપન્ન થયો.

પ્રથમ દિને તા.૨૦ જાન્યુઆરી શનિવારે પોષ સુદ ૧૦ના સવારે ૯.૩૦ કલાકે વિરતી ધર્મની આરાધના સમૂહ સામાઈક નવકાર મંત્ર જાપનું આયોજન થયું. દ્વિતીય દિવસે તા.૨૧ જાન્યુઆરી રવિવારના સવારે ૬.૩૦ કલાકે શ્રી પદ્મપ્રભ ગૃહજિનાલયમાં શક્રસ્તવ અભિષેકનું આયોજન થયું. તૃતીય દિવસે પોષ સુદ ૧૨ સોમવાર તા.૨૨ જાન્યુઆરીના સવારે ૯.૩૦ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ઉપાશ્રયમાં ભણાવવામાં આવી.

એમના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રશીલાશ્રીજી મ.સા. એ સરસ વ્યાખ્યાન આપ્યા. સાહેબજીની ૬૫મી સંયમ વર્ષ તિથિ નિમિત્તે સર્વ સાધારણ ફંડમાં રૂા.૬૫૦૦ના ૧૮ નામ નોંધાયા.

પરમ ઉપકારી એવા પૂજ્યશ્રીની ૬૫મી દિક્ષા તિથિની ઉજવણીમાં સંઘના સભ્ય પરિવારો અદમ્ય ઉત્સાહ સાથે જોડાયા હતા અને ધર્મ લાભ લીધો હતો. ત્રણેય દિવસ દેરાસરમાં પ્રભુજીની સુંદર અંગરચના કરવામાં આવી હતી. શ્રી ગોવર્ધન અચલગચ્છ જૈન સંઘના આંગણે સાહેબજી આદિ ઠાણા ૬ની ૧૪ દિવસની સ્થિરતા રહી હતી.

શ્રી ગોવર્ધન નગર અચલગચ્છ જૈન સંઘમાં વર્તમાન ચાર ટ્રસ્ટીઓમાં બે ટ્રસ્ટીઓ કેડીઓના છે. ટ્રસ્ટી રાયચંદ નરશી દંડ સાંધવ તથા ટ્રસ્ટી દીપક ગંગાજર ડાઘા વરાડીયા.

# નલિયામાં શ્રી અંબે માતાને નમતા શ્રી નાગડા ગોત્રના સૌ ભાવિકો જોગ નિવેદન

શ્રી નાગડા ગોત્રના નલિયામાં શ્રી અંબે માતાને નમતા સર્વે ભાવિકોને સુવિહિત હશે જ કે માતાજીની ભુવા બનાવવાનું કાર્ય ચૈત્ર માસમાં નિર્ધારિત કરેલ છે. આ કાર્ય ઘણા વર્ષો પહેલા થયેલું છે. એટલે આનો અનુભવ કોઈને નથી. આ કાર્યક્રમનું આયોજન સારી રીતે કરી શકીએ એ માટે બધા ભાવિકો તન, મન અને ધન તેમજ ચાલશે, ફાવશે અને ગમશેની નીતિથી પોતાનું યોગદાન આ આ કાર્યક્રમને સફળ બનાવવા ઉધમવંત બનશો એવી અરજ ગુજારીશ.

આ માટે નીચેની સ્કીમો નક્કી કરેલ છે. ૧) મુખ્ય આધાર સ્તંભ દાતા શ્રી રૂા.૧ લાખ ૨) સહાયક આધાર સ્તંભ દાતાશ્રી રૂા.૫૧ હજાર ૩) શુભેચ્છક દાતાશ્રી રૂા.૧૧ હજાર ૪) સહ શુભેચ્છક દાતા સાથે બીજાને પ્રેરણા પણ કરશો.

ફાળો લખાવા અને આપવા નીચેના એરિયા વાઈઝ પ્રતિનિધિઓનો સંપર્ક કરવો કચ્છ-શ્રેણિકભાઈ નાગડા-૯૪૨૬૭૩૧૬૮૪, ગુજરાત-ચંદ્રેશ નાગડા-૯૯૦૯૦૯૯૨૫૦, ડોંબિવલી અને તેના પરિસર ચેતનભાઈ નાગડા-૯૮૨૦૧૦૫૦૭૮ તથા ચિંતનભાઈ નાગડા-૯૮૭૦૦૦૦૯૭૨, ઘાટકોપર, મુલુંડ અને તેની આજુબાજુના ઉપનગર માટે લીનેશભાઈ નાગડા-૯૩૨૩૨૭૬૧૩૫, મહારાષ્ટ્ર-જનકભાઈ નાગડા-૯૪૨૩૧૯૪૨૩૧, વડાલા અને આજુબાજુ વિસ્તાર માટે નિમેશ નાગડા-૯૮૨૧૯૨૦૦૯૯, વેસ્ટર્ન મુંબઈના ઉપનગરો માટે પ્રતિનિધિ મિતાબેન નાગડા-૭૭૧૫૮૬૯૯૭૦

# કેડીઓ વેલફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનામાં બે પર એક ફ્રી ની સ્કીમ

કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનામાં ૫ થી ૫૦ વર્ષની વયના જ્ઞાતિજનો એક જ વખત રૂા.૨ હજાર ભરી ૫૫ વર્ષની વય સુધી રૂા.૧ લાખનું જીવન વીમા કવચ તથા અકસ્માત મૃત્યુ વીમાનો વધારાનો રૂા.૧ લાખનું કવચ મેળવી શકે છે. તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી બે પર એક ફ્રી ની સ્કીમ ચાલુ છે. એકી સાથે ૩ ફોર્મના રૂા.૬ હજારને બદલે રૂા.૪ હજાર ભરવાના થશે.

ફોર્મ તથા વધુ વિગત માટે સંપર્ક પ્રમુખ દીપક ગંગાજર શાહ ડાઘા મુલુંડ-૮૯૭૬૦૧૭૮૩૦, સેક્રેટરી કિરણ ઠાકરશી મૈશેરી હૈદ્રાબાદ-૯૮૮૫૨૧૬૮૮૬. ઈમેઈલ : welfarkdo@gmail.com

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મણીલાલ મૈશેરી**
તા.૨૮ જાન્યુ. (ઉ.૮૩)
મોટી સિંધોડી-જલગામ



**ઉષાબેન ખોના**
તા.૧ ફેબ્રુઆરી (ઉ.૫૪)
નલિયા-નવી મુંબઈ



**દિનેશભાઈ નાગડા**
તા.૩ ફેબ્રુઆરી (ઉ.૬૪)
લુણી-શીરપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજી વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● કરોડો ભક્તોના આસ્થા કેન્દ્ર વિશ્વવિખ્યાત અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નજીક ગુજરાત સરકાર દ્વારા વિશાળ યાત્રીભવનના નિર્માણ હાથ ધરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અયોધ્યામાં રામલ્લાના દર્શન કર્યા બાદ જણાવ્યું હતું. નૂતન નિર્માણીત ભવ્ય રામ મંદિરે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને મંદિર પરિસર નજીક આવાસ નિવાસ સુવિધાઓ મળી તે માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા આ યાત્રીભવન કરવામાં આવશે.

● કચ્છી લેવા પટેલ સમાજની શિક્ષણ સંસ્થાઓના ૨૦૦ થી વધુ છાત્રછાત્રાઓએ કેરળના પદ્મનાભ સહિતના મંદિરોની મુલાકાત લીધી હતી. પ્રાચીન સનાતન સંસ્કૃતિના વિષ્ણુ મંદિર, સુબ્રમ્હણિયમ, દુર્ગા, શબરીમાલા, કાર્તિકેય-મુરૂગન વિગેરના દેવ સ્વરૂપોના મંદિરો, દક્ષિણી પોષાક, ઉત્સવ, સમૈયા અને પ્રાદેશિક વ્યંજન ઈત્યાદિની વિદ્યાર્થી છાત્રોએ માહિતી મેળવી હતી. સ્થાનીય ઈતિહાસકારો અને મંદિરના પૂજારીઓ સાથે પણ કચ્છી છાત્રોએ વાત કરી હતી.

● દેશભરમાં છેલ્લાં કેટલાક સમયથી હૃદયરોગના હુમલાથી મૃત્યુના બનાવો વધી રહ્યાં છે. જેમાં બાળકો પણ બાકાત રહ્યાં નથી. ચાલુ શાળાએ છાત્રોને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુથી રાજ્ય સરકારે તમામ પ્રાથમિક-માધ્યમિક શાળાના શિક્ષકોને સીપીઆર-કાર્ડિયોપલ્મોનરી રિસકર્સીટેશનની તાલીમ આપવાની યોજના ઘડી છે. તે અંતર્ગત કચ્છન્આ અંદાજે ૧૧ હજારથી વધુ શિક્ષકોને દસ તાલુકાના ૨૬ જેટલા સેન્ટર પર આરોગ્ય તજજ્ઞો દ્વારા તાલીમ અપાઈ. આ સમગ્ર આયોજનમાં કચ્છ જિલ્લા શિક્ષણતંત્ર, જિલ્લા આરોગ્ય વિભાગ અને અદાણી ઉદ્યોગ સમૂહ સંચાલિત જી.કે. જનરલ હોસ્પિટલનો સહયોગી હતા.

● અદાણી ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગોને પગભર કરીને તેમના જીવનને રોશન કરવાના પ્રયાસરૂપે ભુજ ખાતે વિશ્વ દિવ્યાંગ દિવસે આયોજિત કાર્યક્રમમાં ૧૧૧ દિવ્યાંગજનોને અદાણી ગ્રુપના પ્રકલ્પો સહિત અન્ય કંપનીઓમાં રોજગારી માટે નિમણૂંક પત્રો આપવામાં આવ્યા. જ્યારે ૫૦ લાભાર્થીને આજીવિકા માટે સાધન સહાય આપવામાં આવી.

● ભુજના નાગરિક સંરક્ષણ તાલીમ અધિકારી દ્વારા સંસ્કાર નગર સહેલી ગ્રુપની મહિલા બહેનોને પાંચ દિવસીય નાગરિક સંરક્ષણની તાલીમ અપાઈ હતી. કચ્છ સરહદી જિલ્લો હોવાથી તમામ નાગરિકો મૂળભૂત તાલીમ લે તેવો અનુરોધ કરાયો હતો. ૧૮ થી ૭૦ વર્ષની સહેલી ગ્રુપની બહેનોને બેઝિક તાલીમ અપાયા બાદ લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ મહિલાઓને જિલ્લા કલેક્ટરની સહીવાળું પ્રમાણપત્ર અપાયું હતું. નાગરિક સંરક્ષણની ૧૨ સેવાઓ, ૧૦૮ની તાલીમ તેમજ અગ્નિશમનની તાલીમ અપાઈ હતી.

● કચ્છના હરિયાળા બન્નીના ઘાસના મેદાનોમાં ચિતાના સંરક્ષણ-સંવર્ધન માટેના બ્રીડીંગ સેન્ટરને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હોવાની રાજ્યના વનમંત્રી મૂળુભાઈ બેરાએ જાહેરાત કરી. આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય કેમ્પની કાર્યકારિણી સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. ભૂતકાળમાં બન્ની ગ્રાસલેન્ડ ચિતાનું રહેઠાણ હતું. સમયાંતરે ચિતા લુપ્ત થયાં. રાજ્ય સરકારે પહેલ કરીને બન્ની ગ્રાસલેન્ડ ચિતાનું બીડીંગ સેન્ટર બનાવવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કરીને ભારત સરકારને મોકલ્યો હતો.

● વર્ષ ૨૦૨૪ વર્ષમાં એપ્રિલ મે માસમાં લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ચૂંટણીતંત્ર તમામ સ્તરે પોતાની કવાયતમાં રત છે. ત્યારે જિલ્લામાં પણ તેની તૈયારીઓ પૂરજોશમાં શરૂ છે. કચ્છ લોકસભાની બેઠક હેઠળ કચ્છના છ અને મોરબીનો એક મળી સાત વિધાનસભા મત વિસ્તાર આવરી લેવાયા છે. છેલ્લાં પાંચ વર્ષમાં કુલ્લ મતદારોમાં અઢી ટકા જેટલો એટલે કે ૧.૩૯ લાખ મતદાતાઓ વધયા છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA